**ફોજદારી કેસ નંબર :–1254/2005**

**–: આંક – ૧ લગત હુકમ :–**

તપાસ કરનાર અમલદાર ધ્વારા આરોપી સામે તપાસ પૂર્ણ કરી, અત્રેની અદાલતમાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૭૩ અન્વયે રીપોર્ટ રજુ કરેલ, જેના અનુસંધાને આરોપીની ગેરહાજરીનાં કારણે સદર કામ ક્રિમીનલ મેન્યુઅલના પેરા–૨૧૧ અન્વયે ડોરમેન્ટ રજીસ્ટરે મુકવામાં આવેલ અને ડોરમેન્ટ રજીસ્ટરે મુકયા બાદ પણ આરોપી મળી આવેલ ન હતા, જેના અનુસંધાને સદર ફોજદારી કેસ પરત ખેંચવા માટે અત્રેની અદાલત માંથી પત્ર લખવામાં આવેલ જેના એ.પી.પી.શ્રી કે.વી.ઉપાઘ્યાય ધ્વારા સદર ફોજદારી કેસ, જે ડોરમેન્ટ રજીસ્ટરે મુકવામાં આવેલ છે તે પરત ખેંચવા પાત્ર છે તે મુજબની ભલામણ કરવામાં આવેલ. ત્યારબાદ મહે. જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ નાઓ ધ્વારા નં.ડીસી/સીટીઝેડ/મેટ્રોકોર્ટ/ લોક અદાલત/ ડોરમેન્ટ કેસ પરત/૦૧/૨૦૧૮, તારીખ.૦૯/૦૨/૨૦૧૮ ના હુકમ અન્વયે પરત ખેંચવા મંજુરી આપેલ. જે મંજુરીના અનુસંધાને એ.પી.પી.શ્રી ધ્વારા અત્રેની અદાલતમાં અલાયદા પુરસીસથી સદર ફોજદારી કેસ પરત ખેંચવા પરવાનગી માંગેલ, જે અન્વયે એ.પી.પી.શ્રીને ફોજદારી કેસ પરત ખેંચવા પરવાનગી આપવામાં આવેલ, જે પરવાનગી અન્વયે એ.પી.પી.શ્રી ધ્વારા અલગ પુરસીસ રજુ કરી, સદર કેસ પરત ખેંચવાની જાહેરાત કરવામાં આવેલ, જે અન્વયે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

''**હુકમ**''

એ.પી.પી.શ્રી ધ્વારા રજુ કરવામાં આવેલ પુરસીસ અન્વયે સદર ફોજદારી કેસ એ.પી.પી.શ્રી ધ્વારા ક્રિ .પ્રો. કોડની કલમ–૩૨૧ અન્વયે પરત ખેંચવામાં આવતો હોઈ, જે અન્વયે સદર ફોજદારી કેસ બંધ કરવામાં આવે છે.

આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ અંગે અગાઉ કોઈ હુકમ કરવામાં આવેલ હોય, તો તે હુકમ કાયમ કરવામાં આવે છે તેમજ તે સિવાયનો નોન–વેલ્યુએબલ મુદ્દામાલ વાહન કે પાસપોર્ટ સિવાય હોય, તો તે યોગ્ય સમયમર્યાદા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી, મારી સહી તથા આ અદાલતનો સિકકો કરી જાહેર કયો".

**તારીખ ૧૦–૦૨–૨૦૧૮.**
**અમદાવાદ.**

**(અવિનાશ કમલભાઈ ભટ્ટ )**
**એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,**
**કોર્ટ નં.૩, અમદાવાદ.**
**Unique Code No.GJ00862**